## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા આઇ.સી.એ.આર. ઈન્ડસ્ટ્રી દિવસની ઉજવણી

તા.૧૬.૭.૨૦૧૮, સોમવારના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે આઇ.સી.એ.આર. ઈન્ડસ્ટ્રી દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં ગાડા ગામની ૩૦ બહેનોએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલે સર્વે બહેનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમજાવી કૃષિ તાંત્રિકતાઓ દ્વારા ગ્રામ્ય સ્તરે કૃષિ આધારીત નાના ઉદ્યોગો હાથ ધરવા પરત્વે માર્ગદર્શન આપેલ. શ્રીમતી અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) એ કૃષિ અને બાગાયતી પાકોમાં પ્રોસેસીંગ અને મૂલ્યવર્ધન આધારિત ઉદ્યોગો વિષેની માહિતી આપેલ. ડો. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા ખેડૂતોને ખરીફ પાકોમાં રોગ તેમજ જીવાત નિયંત્રણ વિષેની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. એસ.બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ પશુપાલન દ્વારા આવક વધારવા માટે દૂધનું મૂલ્ય વર્ધન કરી આર્થિક ફાયદાઓ વિષે સમજાવ્યું હતું તેમજ સ્વચ્છ દૂધ ઉત્પાદન વિષે સૂચનાઓ આપી.

તાંત્રિક બેઠક બાદ શ્રીમતી એ.બી. પરમાર દ્વારા બહેનોને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા વિષે માહિતી આપી સ્વચ્છતા શપથ લેવડાવી. કાર્યક્રમના અંતે બહેનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ












